પંચવટી યોજના માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજન
કાર્યક્રમ હેઠળ ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી મેચીંગ
ગ્રાન્ટની (લોકફાળાની) રકમ આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંક : પરચ / ૨૦૦૪ /૧૩૯૭ / ચ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :–૩૦–૬–૨૦૦૮

સંદર્ભ (૧) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૧/૯/૦૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરની તા.૧૯/૧૦/૦૬ ના પત્ર ક્રમાંકઃ કાર્યક્રમ /૨ / ફા.નં.૪૩ / ૦૬ ની દરખાસ્ત.
(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૭/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંકઃ વકસ–૧૦૦૬–૪૪૨–ચ–૧.

ઠરાવ :–

રાજયના ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ્ય પ્રજાના આનંદ પ્રમોદ માટે સુવિધાયુકત બાગ – બગીચાને પ્રોત્સાહન આપતી નવતર યોજના એટલે પંચવટી યોજના સંદર્ભ–૧ ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ છે.

૨. આ યોજના હેઠળ તા.૧૧/૯/૦૪ ના ઠરાવની જોગવાઈના પેરા(૨) મુજબ રૂા.૫૦,૦૦૦/– (પચાસ હજાર પુરા) ની રકમ ભરનાર ગ્રામ પંચાયતને પંચવટી યોજનામાં અગ્રીમતા આપવા ઠરાવેલ છે. રાજયના આદિવાસી વિસ્તાર ધરાવતા જિલ્લા અને કૌલગી સમિતિની ભલામણ મુજબના પછાત જાહેર થયેલ ૩૦ તાલુકાઓમાં સંબંધિત પંચાયતોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી રૂા.૫૦,૦૦૦/– નો લોકફાળો ભરી શકતા ન હોવાથી આવી પંચાયતો પંચવટી યોજનાનો લાભ મેળવવામાંથી બાકાત રહે છે. અને પંચવટી યોજનાના લક્ષ્યાંકો સિધ્ધ કરી શકતા નથી. આથી પંચવટી યોજનામાં રૂા.૫૦,૦૦૦/– નો લોકફાળો ભરી ન શકે તેવી પંચાયતોને વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળના માન. ધારાસભ્યશ્રીઓના ફંડમાંથી લોકફાળા તરીકે રકમ આપી શકાય તેવી જોગવાઈ પંચવટી યોજના હેઠળ કરવા અંગેની બાબત રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે પંચવટી યોજનાના તા.૧૧/૯/૦૪ના ઠરાવની જોગવાઈના ફકરા ૮(૨) પછી નીચે જણાવ્યા મુજબની જોગવાઈ ઉમેરવામાં આવે છે.

૨–(અ) કૌલગી સમિતિની ભલામણ મુજબના ૩૦ તાલુકાઓની ગ્રામ પંચાયતોને તેમજ રાજયની આદિજાતિ વસતી ધરાવતા તાલુકાઓની ગ્રામ પંચાયતોને પંચવટી યોજનાના અમલ માટે ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી રૂા.૫૦,૦૦૦/– ની રકમ લોકફાળા તરીકે આપી શકાશે.

૩. આ સાથે કૌલગી સમિતિની ભલામણ મુજબના ૩૦ તાલુકાઓની યાદી તેમજ આદિજાતિ વસતિ ધરાવતા તાલુકાઓની યાદી અનુક્રમે પરિશિષ્ટ–૧ અને પરિશિષ્ટ–૨ માં આપવામાં આવેલ છે.

૪ શરતોઃ—

(૧) જે ગ્રામ પંચાયત સફાઈ વેરો લેતી હશે તેવી ગ્રામ પંચાયતને જ પંચવટી યોજનાનો લાભ મળી શકશે.

(૨) પંચવટી યોજના હેઠળ મંજુર થયેલાં કામોની તાંત્રિક અને વહીવટી મંજુરી અંગેની કામગીરી જિલ્લા પંચાયત કરશે તેમજ જિલ્લા આયોજન કચેરીઓને લોકફાળા માટે દરખાસ્ત કરશે. લોકફાળો આપવા માટેની સંમતિ ધારાસભ્યશ્રી કલેકટર શ્રીને લેખિતમાં જણાવશે.

(૩) પંચવટી યોજનાના અમલ માટે મંજુર કરવામાં આવેલ પ્લાન અને એસ્ટીમેટ મુજબ કામગીરી કરવાની રહેશે તેમજ ગ્રાન્ટ વપરાશ અંગેનું પ્રમાણપત્ર (યુ.ટી.સી.) કલેકટરશ્રીને પુરા પાડવાના રહેશે.

(૪) અંદાજીત ખર્ચ કરતાં ઓછા ખર્ચે કામ પૂર્ણ થાય તો થયેલી બચત લોકફાળા સામે ગણીને કલેકટરશ્રીને પરત કરવાની રહેશે.

(૫) રાજય સરકારની અન્ય યોજના / સાધનોમાંથી ખર્ચ કરવામાં આવ્યો હોય તેવા કામો માટે આ રકમ વાપરી શકાશે નહી. એટલે કે કોઈ યોજનાનો ખર્ચ બેવડાય નહી તે જોવાનું રહેશે.

(૬) જે તે કામ ઉપર " માન. ધારાસભ્યશ્રી..................ના મત વિભાગ સ્થાનિક અગત્ય ધરાવતા સ્થાનિક વિકાસના કામના અનુદાન રકમ રૂા...........વર્ષ..............માં મળેલ છે. " તે મુજબની ૨'×૧ ૧/૨' સાઈઝની તકતી લગાવવાની રહેશે. જેના ખર્ચની કિંમતના ૧% અથવા રૂા.૨૫૦/– તે પૈકી જે ઓછી હોય તેની મર્યાદામાં કરવા તથા આ અંગેના ખર્ચની જોગવાઈ કામના અંદાજની અંદર કન્ટીજન્સી ખર્ચની જોગવાઈમાંથી કરવાની રહેશે.

(૭) આ કામ અંગે ભવિષ્યમાં ઓડીટ અને હિસાબો અંગે ઉભી થનાર તમામ બાબતોનો નિકાલ આ વિભાગ હેઠળની સક્ષમ કચેરીએ કરવાનો રહેશે.

૫. આ ઠરાવની આ સિવાયની અન્ય વિગતો / શરતો / જોગવાઈઓ સંદર્ભ ક્રમાંકઃ ૧ મુજબ યથાવત રાખવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૩૦/૮/૦૭ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( કે. એસ. પટેલ )
નાયબ સચિવ
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,
– નામ. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (આયોજન, નાણાં, પંચાયત).
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) (અધ્યક્ષ, માર્ગદર્શક યાદી સુધારણા સમિતિ).
- સર્વે સંસદ સભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ.
- સચિવાલયના સર્વે વિભાગો.
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ – રાજકોટ.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા આયોજન અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ .
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ .
- સર્વે જિલ્લા પછાત કલ્યાણ અધિકારીશ્રીઓ.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ–ય શાખા) સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- સિલેક્ટ ફાઈલ

# પરિશિષ્ટ – ૧

## કૌલગી સમિતિની ભલામણ મુજબના વિકાસશીલ તાલુકાઓની યાદી.

| ક્રમાંક | તાલુકાનું નામ | જિલ્લાનું નામ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | કવાંટ | વડોદરા |
| ૨. | ધાનપુર | દાહોદ |
| ૩. | કપરાડા | વલસાડ |
| ૪. | ઘોઘંબા | પંચમહાલ |
| ૫. | વાવ | બનાસકાંઠા |
| ૬. | ગરબાડા | દાહોદ |
| ૭. | સાગબારા | નર્મદા |
| ૮. | મોરવા(હડફ) | પંચમહાલ |
| ૯. | ડાંગ | ડાંગ |
| ૧૦ | ઉમરપાડા | સુરત |
| ૧૧. | નસવાડી | વડોદરા |
| ૧૨ | દેડીયાપાડા | નર્મદા |
| ૧૩. | ઝાલોદ | દાહોદ |
| ૧૪. | ફતેહપુરા | દાહોદ |
| ૧૫. | રાપર | કચ્છ |
| ૧૬. | ઉચ્છલ | સુરત |
| ૧૭. | સાંતલપુર | પાટણ |
| ૧૮. | લીમખેડા | દાહોદ |
| ૧૯. | કડાણા | પંચમહાલ |
| ૨૦. | દેવગઢબારીયા | દાહોદ |
| ૨૧. | બરવાળા | અમદાવાદ |
| ૨૨. | જેતપુર–પાવી | વડોદરા |
| ૨૩. | ખાનપુર | પંચમહાલ |
| ૨૪. | થરાદ | બનાસકાંઠા |
| ૨૫. | શહેરા | પંચમહાલ |
| ૨૬. | સમી | પાટણ |
| ૨૭. | નીઝર | તાપી |
| ૨૮. | કલ્યાણપુર | જામનગર |
| ૨૯. | અમીરગઢ | બનાસકાંઠા |
| ૩૦. | સંતરામપુર | પંચમહાલ |

# પરિશિષ્ટ – ૨
## આદિજાતિ વસ્તી ધરાવતા તાલુકાઓની યાદી.

| આંક | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | સાબરકાંઠા | ૧. ખેડબ્રહમા<br>૨. વિજયનગર<br>૩. ભીલોડા<br>૪. મેઘરજ |
| ૨. | પંચમહાલ | ૧. ઘોઘંબા<br>૨. કડાણા<br>૩. સંતરામપુર |
| ૩. | દાહોદ | ૧. દાહોદ<br>૨. ઝાલોદ<br>૩. લીમખેડા<br>૪. દેવગઢબારીયા<br>૫. ફતેપુરા<br>૬. ધાનપુર<br>૭. ગરબાડા |
| ૪. | વડોદરા | ૧. છોટાઉદેપુર<br>૨. નવસાડી<br>૩. કવાંટ<br>૪. પાવી–જેતપુર |
| ૫. | નર્મદા | ૧. ડેડીયાપાડા<br>૨. સાગબારા<br>૩. તિલકવાડા<br>૪. નાંદોદ |
| ૬. | ભરૂચ | ૧. વાલીયા<br>૨. ઝગડીયા |
| ૭. | સુરત | ૧. માંડવી<br>૨. મહુવા<br>૩. બારડોલી<br>૪. માંગરોળ<br>૫. ઉમરપાડા |

| | | |
|---|---|---|
| ૮. | તાપી | ૧. સોનગઢ<br>૨. ઉચ્છલ<br>૩. વ્યારા<br>૪. વાલોડ<br>૫. નિઝર |
| ૯. | નવસારી | ૧. વાંસદા<br>૨. ચીખલી |
| ૧૦. | વલસાડ | ૧. ધરમપુર<br>૨. કપરાડા<br>૩. પારડી<br>૪. ઉમરગામ |
| ૧૧. | ડાંગ | ૧. આહવા |
| ૧૨. | બનાસકાંઠા | ૧. અમીરગઢ<br>૨. દાંતા |